૩/

વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ લાભ આપેલ લાભાર્થીઓના ખાતામાં સબસીડી જમા કરાવવા બાબતે નીતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૧૧૮૮૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૪-૧૧-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ અવક-૧૪૨૦૧૫-૧૩૧૭૦૧-જ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૫-૨-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અવક-૧૪૨૦૧૫-૧૩૧૭૦૧-જ.

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦-૮-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ અવક-૧૪૨૦૧૫-૧૩૧૭૦૧-જ.

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦-૭-૨૦૧૬ નો ઠરાવ ક્રમાકઃ એસસીડબલ્યુ/૧૦૨૦૧૩/૧૧૮૮૨૭/ગ

(૫) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૨-૯-૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ ગુસકાવિનિ- વહટ- ૨૦૧૬-૧૭-૧૫૩૫.

ઠરાવઃ-

ડાં.બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબતે વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૨૪-૮-૨૦૧૫ ના ઠરાવથી વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ માફ કરવા પાત્ર વ્યાજ સહિતની મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ-૨ પરના તા.૫-૨-૨૦૧૬ ના ઠરાવથી સ્ટાફ અને વાહન આપવા તથા મુદત વધારવા અંગેની મંજુરી આપવામાં આવેલ અને ક્રમ-3 તા.૨૦-૮-૨૦૧૬ ના ઠરાવથી તા.૩૧-3-૨૦૧૭ સુધી મુદત લંબાવવામાં આવેલ. તથા

ક્રમ-૪ પરના તા.૩૦-૭-૨૦૧૬ના ઠરાવથી વન ટાઇમ સેટલમેન્ટ યોજના હેઠળ લાભ આપેલ લાભાર્થીઓના ખાતામાં સબસીડી જમા કરાવવા બાબતે નીતી નકકી કરવામાં આવેલ હતી. અને છેલ્લા ક્રમ-૫ પરના તા.૨-૯-૨૦૧૬ ના પત્રથી ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમે લાભાર્થીઓના ખાતામાં સબસીડી જમા કરાવવા તેમજ ૫૨૩ લાભાર્થીઓને રૂ.૯૧.૯૭ લાખ ની રકમ સબસીડી તરીકે ચૂકવણી કરવાની થાય છે. તા.૩૦-૭-૨૦૧૬ સુધીમાં વન ટાઇમ સેટલમેન્ટ યોજનાનો લાભ લીધેલ લાભાર્થીઓને સબસીડીની ચુકવણી કરવાનો નિર્ણય કરવામાં આવે તો રૂ.૯૧.૯૭ લાખની ગ્રાન્ટ નિગમે ઉપલબ્ધ કરવા અંગેની મંજુરી આપવા માટે દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વન ટાઇમ સેટલમેન્ટ યોજના તા.૨૪-૮-૨૦૧૫ થી તા.૩૧-૭-૨૦૧૬ સુધીમાં જે લાભાર્થીઓએ સબસીડીની રકમ સહીત લોનની રકમ ભરપાઇ કરેલ છે. તેવા ૫૨૩ લાભાર્થીઓને તેમને સબસીડી પેટે રૂ.૯૧.૯૭ લાખ પરત ચૂકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨-૧૧-૨૦૧૬ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.) ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- સર્વે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી (નિયામશ્રી(અજાક)મારફત)
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, અ, અ.૧, જ, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,
- કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.